*The name you Trust*

**SARWAR MOTORS**

**DEALS IN NEW & USED CARS**

Manzoor Terrace,
Hyderabad Colony,
Near M.A. Jinnah Road, Karachi.
Phone: 34910492, 3423451, 34912650

ઓડિટ બ્યુરો ઓફ સર્કયુલેશનનું સર્ટિફિકેટ ધરાવતું પાકિસ્તાનનું એક માત્ર ગુજરાતી સાપ્તાહિક

ABC CERTIFIED

THE ONLY GUJARATI WEEKLY HOLDING CERTIFICATE BY AUDIT BUREAU OF CIRCULATION

૫૦મું વર્ષ

સ્થાપક: કાસીમઅલી વઝીર

# ઝુલ્ફિકાર
## સાપ્તાહિક

# "ZULFIQAR" WEEKLY

★ વર્ષ: ૫૦મું ★ અંક: ૩૫ ★ શુક્રવાર, તા. ૨૧-૦૫-૨૦૧૦ ★ પાનાં ૪ ★

**FRESHCO MASALA**




FRESHCO MASALA

Prop: ALIRAZA BAQARALI

PHONE : 2442989

## ગુપ્તચરોનો અહેવાલ: લશ્કરે ઝંગ્વી દેશભરમાં

# શીઆ નેતાઓ પર હુમલાનો મન્સુબો ધરાવે છે

ઈસ્લામાબાદ: પુન: સંગઠિત થઇ રહેલી કુખ્યાત ત્રાસવાદી સંસ્થા લશ્કરે ઝંગ્વી અગ્રગણ્ય શીઆ નેતાઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ પર દેશભરમાં હુમલાઓ કરી શકે છે.

પાકિસ્તાની ગુપ્તચર વર્તુળોએ ઉપરોકત ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું હતું કે લશ્કરે ઝંગ્વીએ બે વધુ પેટા જૂથોની રચના કરી છે જેમાં એકનું નામ ઝંગ્વી ફીદાઈ ગ્રુપ (જેએફએફ) અને બીજાનું નામ સુન્ની ફીદાઇ ફોર્સ (એસએફએફ) છે અને આ બન્ને જૂથો દેશભરમાં ત્રાસવાદી હુમલાઓ કરી શકે છે. ગૃહખાતાના નેશનલ ક્રાઈસીસ મેનેજમેન્ટ સેલ્સના અહેવાલ 'ઇન્ફોર્મેશન રીપોર્ટ-૧૦૪'માં જણાવાયું છે કે ત્રાસવાદીઓએ હવે હુમલા માટે નવી પદ્ધતિ અપનાવી છે, જે પાછલા મહિને તેમના દ્વારા કવેટામાં કરાયેલા હુમલાઓથી જાણી શકાય છે.

અત્રે નોંધી શકાય કે ૧૬મી એપ્રિલના એક અગ્રગણ્ય શીઆ અગ્રેસર અરશદ ઝયદીને ગોળી મારી શહીદ કરી દેવાયા હતા. તેમની શહાદતના સમાચારથી બહુજ મોટી સંખ્યામાં લોકો તેમની મૈયત જયાં રાખવામાં આવી હતી એ હોસ્પીટલે પહોંચ્યા હતા. એક આત્મઘાતી બોંબરે હોસ્પીટલના ઈમરજન્સી વોર્ડની બહાર પોતાને જહન્નમના માર્ગે પ્રયાણ કરવા બોંબ ફાડયો હતો, જેના કારણે અન્ય ૧૨ લોકો શહીદ થઈ ગયા હતા. લશ્કરે ઝંગ્વીએ આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

આ હુમલાઓ લશ્કરે ઝંગ્વી દ્વારા દેશભરમાં ફિર્કાવાદી હિંસા ભડકાવવા વધુ હુમલાઓના સંકેત આપે છે. અહેવાલમાં એમ પણ કહેવાયું છ કે લશ્કરે ઝંગ્વી દેશવિરોધી તત્વો સાથે મળીને આવા હુમલાઓના મન્સુબા-ઓ ઘડી રહી છે. લાહોરમાં પોલીસ અધિકારીઓ પર ગોળીબાર પણ આ જ મન્સુબાનો હિસ્સો છે. કમનસીબ ઘટના પછી લોકોને વધુ સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. એનસીએમસીનો અહેવાલ બધાજ લાગતાવળગતાઓને પાઠવી દેવાયો છે.

## અમેરિકા ભડકે બળશે: પાક અલ કાઈદાની ભીષણ ચેતવણી

ઈસ્લામાબાદ: અમેરિકાના એજન્ડાનો અમલ કરવા બદલ પાકિસ્તાનના શાસકોને સત્તા પરથી ફેંકી દેવાનું જણાવતાં પાકિસ્તાન સ્થિત તાલિબાન આતંકવાદીઓએ એવી જલદ ધમકી ઉચ્ચારી છે કે અમે અમેરિકાને સળગાવીશું.

પહેલી મેના રોજ ન્યૂ યૉર્કના ટાઈમ્સ સ્કવેરમાં કરવામાં આવેલા નિષ્ફળ બૉમ્બ હુમલાના પ્રયાસ પાછળ પાકિસ્તાન સ્થિત અલ કાઈદા સાથે જોડાયેલા તાલિબાન આતંકવાદી જૂથનો હાથ હોવાની અમેરિકાને ખાતરી થઈ ગઈ છે. પાકિસ્તાન સ્થિત તાલિબાન જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. તાલિબાનો દ્વારા કરવામાં આવેલા દાવાને સમર્થન મળશે તો પશ્ચિમના દેશ પર કરવામાં આવેલા હુમલાની ઘટનામાં તાલિબાનોની સંડોવણીનો આ પ્રથમ બનાવ હશે.

પાકિસ્તાન સ્થિત તાલિબાન નેતાએ હુમલાના પ્રયાસની જવાબદારી લેતા વિડિયો ફૂટેજમાં જણાવ્યું હતું કે અમેરિકા જેની કલ્પના પણ નથી કરી હકતું આ બાબતે તે પુરવાર કરી બતાવ્યું છે. આ તો માત્ર વિસ્ફોટકો ભરેલું વાહન હતું જેમાં વિસ્ફોટ નહોતો થયો, પરંતુ અમેરિકા જોશે, બધા જ સામ્રાજયવાદી પરિબળો એક દિવસ વિસ્ફોટ થતો અને અમેરિકાને સળગતું પણ જોશે.

મુસ્લિમોના પવિત્ર યોદ્ધા અને પવિત્ર ધાર્મિક લડાઈનો ઉલ્લેખ કરતાં તેમણે કહયું હતું કે અમેરિકાને સાથ આપનારાં દેશો પણ આ જ પ્રકારનાં વિસ્ફોટો નિહાળશે. તેઓ મુજાહિદીન કે જેહાદને નાબૂદ નહીં કરી શકે કે નહી ઈસ્લામને હાનિ પહોંચાડી શકે. ઊલટાનું તેઓ પોતે મૃત્યુને ભેટશે, પોતાની જાતને દઝાડશે અને જાતે જ પોતાની કબર ખોદશે.

દરેક પ્રકારની મુતબર્રક અને મુકદ્દસ વસ્તુઓ જેવી કે અલમ મુબારક, ઝહીર, પંજા, ઝુલ્જનાહ વગેરે સ્ટીલ, ગિલેટ, ચાંદી, બ્રાસ, સોના દરેક જાતની ધાતુઓમાંથી ઓર્ડર મુજબ તૈયાર કરી આપવામાં આવે છે. એ સિવાય દરેક પ્રકારના નગીના (બર્થ સ્ટોન) પણ મળી શકે છે. મુનાસીબ હદિયો, શ્રેષ્ઠ અને સંતોષકારક કામગીરી. મુકદ્દસ વસ્તુઓ અને હેન્ડી ક્રાફ્ટસ દુનિયાના કોઈપણ મુલ્કમાં મોકલીએ છીએ.

**પંજેતન તબર્રુકાત સેન્ટર**

બંગલા નં. ૨૯૯/૧, મોહંમદઅલી હબીબ રોડ, એક્ષ. બંદર રોડ, મહેફિલે શાહે ખુરાસાન પાસે, સોલ્જર બજાર, કરાચી-૫, પાકિસ્તાન.

**ફોન: ૩૭૨૧૬૪૭૪ ફેક્ષ: ૯૨-૨૧-૩૭૭૬૮૧૩૭**

## પાક-અફઘાનમાં અમેરિકાનું ખાનગી જાસૂસી તંત્ર કાર્યરત

### પેન્ટેગોન દ્વારા મૂકાયેલા પ્રતિબંધનું સરેઆમ ઉલ્લંઘન

ન્યૂ યોર્ક: અમેરિકાના ટોચના લશ્કરી અધિકારીઓ હજુ પણ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં તાલિબાન આતંકવાદીઓનો પીછો કરવા અને તેમને ખતમ કરવા માટે ખાનગી જાસૂસોના ગુપ્ત નેટવર્ક પર આધાર રાખી રહયા છે અને આ પ્રકારની ગુપ્ત કાર્યવાહી પરના પેન્ટેગોનના પ્રતિબંધનો ભંગ કરી રહયા છે, એમ સમાચાર માધ્યમના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

અમેરિકન અધિકારીઓ જેમનું નામ આપવામાં આવ્યું નથી તેમને ટાંકીને ન્યૂ યોર્ક ટાઈમ્સે જણાવ્યું છે કે ખાનગી જાસૂસોનું નેટવર્ક હજુ પણ કાર્યરત છે અને તે આ પ્રદેશના ટોચના અમેરિકન કમાન્ડરોને લગભગ રોજ અહેવાલ આપે છે. ખાસ કરીને પાકિસ્તાનમાં રહેલા તાલિબાનો અંગે વિગતવાર માહિતી રજૂ કરાય છે. પાકિસ્તાનમાં રહેલી તાલિબાન નેતાગીરીની કામ-ગીરી, દક્ષિણ ફઘાનિસ્તાનમાં દુશ્મન લડવૈયાઓની હિલચાલ વગેરે બાબતો અંગે રજેરજ માહિતી અપાય છે અને આ ખાનગી જાસૂસી નેટવર્ક ગુપ્ત માહિતી મેળવવાનું સ્રોત બની છે.

ન્યૂ યોર્ક ટાઈમ્સે પ્રગટ કરેલા એક અહેવાલમાં જણાવ્યું હતું કે અમેરિકાના સંરક્ષણ વિભાગના અધિકારી માઈકલ ફરલોંગે શંકાસ્પદ તાલિબાન આતંકવાદીઓનો પીછો કરવા અને તેમને ખતમ કરવા માટે સહાયભૂત થઈ શકે એવી પાકિસ્તાન અને અફઘાનિ-સ્તાનમાં ખાનગી કોન્ટ્રેકટરોનું એક નેટવર્ક ઊભું કર્યું છે.

આ અહેવાલો પછી અમેરિકન અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈ વખત આવી કાર્યવાહી થતી હોય છે અને તપાસ શરૂ થાય પછી આ કાર્યવાહી બંધ કરી દેવાતી હોય છે.

અમેરિકાના લશ્કરને મોટા ભાગે પાકિસ્તાનની અંદર કાર્યવાહી માટે પ્રતિબંધ છે અને પેન્ટેગોનના નિયમ મુજબ લશ્કરને જાસૂસી માટે ખાનગી કોન્ટ્રેકટરોને રોકવાની છૂટ નથી.

ટાઈમ્સને મળેલી માહિતી મુજબ ફરલોંગના ઓપરેટરો પહેલાની જેમ હજુ પણ માહિતી પૂરી પાડી રહયા છે. અને તેમને નાણાં ચુકવાઈ રહયા છે.

## ફાતમીયાહ હોસ્પીટલમાં નવી સગવડોનું ઉદ્દઘાટન

કરાચી: ખોજા (પિરહાઈ) શીઆ ઈસ્નાઅશ્રી જમાત કરાચીના આશ્રયે ચાલતી ફાતમીયાહ હોસ્પીટલમાં નવી તબીબી સગવડોનું ઉદ્દઘાટન આગામી રવિવાર તા. ૨૩મી મેના સાંજે ૫ વાગ્યે ફાતમીયાહ હોસ્પીટલ ખાતે યોજાશે.

આ પ્રસંગે બિરાદરીના જાણીતા અગ્રેસર અને સખીવજૂદ અલ્હાજ મુસ્તુફા કે. ગોકલ મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે. આ પ્રસંગે હોસ્પીટલમાં જે નવી સગવડો પરિચિત કરાશે એ અંગે માહિતી આપવામાં આવશે.

# અને વહુને સાચા અર્થમાં દીકરી માની શક્યાં

'મારે એક દીકરો અને એક દીકરી' હમણાં જ રહેવા આવેલાં નવાં પાડોશીને માલતીબહેને કહયું. એ સાંભળીને બાજુમાં બેઠેલો પૌત્ર કવિત બોલ્યો 'દાદી તારે તો બે દીકરીઓ છે, એક મારી મમ્મી અને બીજી ફોઈ. તું ફોઈને કેમ ભૂલી ગઈ?' કવિત માલતી બહેનના દીકરા અચ્યુતનો દીકરો છે. નાનકડા, નિર્દોષ પૌત્રાનો સવાલ સાંભળીને માલતીબહેન ચમક્યાં. 'પુત્રવધૂ સૌમ્યા માલતીબહેનને મમ્મી કહે એટલે નાનકડો કવિત સૌમ્યાને માલતીબહેનની દીકરી સમજે અને માલતીબહેનની દીકરી કાવ્યા માલતીબહેનને મમ્મી કહે, એટલે કાવ્યા ફોઈને એ દાદીની બીજી દીકરી સમજતો હતો.

પેલાં પાડોશીબહેનને જવાબ આપતી વખતે તો દીકરી તરીકે માલતીબહેનના મનમાં પોતાની દીકરી કાવ્યા હતી. પુત્રવધૂને દીકરી માની એ પણ કોઈ દીકરી વિશે પૂછે તો પોતાની દીકરી જ ખ્યાલમાં આવે અને વ્યવહારની રીતે આ સાચો ખ્યાલ છે. એ દૃષ્ટિએ માલતીબહેનનો જવાબ ખોટો ન હતો, પણ પૌત્ર કવિતની વાતે માલતીબહેનને જાગ્રત કરી દીધાં. વહુ અને દીકરી સરખા એમ આપણે બોલીએ છીએ, પણ હૃદયથી ખરેખર એમ માની શકાય છે? હા, એક આદર્શ તરીકે માનવા પ્રયત્ન કરીએ છીએ; વર્તનમાં એ આદર્શ ઊતારવા મથીએ છીએ. પણ એ આદર્શ ચરિતાર્થ થાય છે? માલતીબહેનને યાદ આવ્યું જ્યારે દીકરા અચ્યુત માટે કન્યા જોવા જવાનું હતું ત્યારે માલતીબહેને ના પાડી દીધી હતી. અચ્યુતે નવાઈ પામીને પૂછયું હતું, 'કેમ મમ્મી તું ના કહે છે? તને છોકરીનું કુટુંબ પસંદ નથી?

અચ્યુતને સમજાતું ન હતું કે માલતીબહેન જેવી વાત્સલ્યમયી માતા દીકરા માટે છોકરી જોવા જવાની કેમ ના પાડે છે. એમણે કેટલા હોંશ, કાળજી અને હેતથી દીકરાનો ઉછેર કર્યો છે. તેઓ દીકરાની મા અને મિત્ર બેઉ હતાં. દીકરો લગ્નની ઉંમરનો થયો ત્યારથી તેઓ વહુના સ્વપ્ના જોતાં હતાં. તેઓને પ્રશ્ન ઊઠતો, મારી પોતાની દીકરી કાવ્યાને દૂર વળાવવાની અને પારકી દીકરીને પોતાની દીકરી માનીને હૈયા સરસી ચાંપવાની? - આ તે કેવો વ્યવહાર! હૃદયને વિશાળ બનાવવા જ આવી પ્રથાનું નિર્માણ થયું હશે ને? એક શુભ દિવસે પતિનો હાથ પકડીને ચાલી આવેલી એ પારકી દીકરી પતિના ઘરને પોતાનું ઘર માને, પતિના માબાપને પોતાના માબાપ માને એવી અપેક્ષા એ બીજાની દીકરી પાસેથી રખાય છે. પણ બીજાની એ દીકરી પતિના માબાપને પોતાના માબાપ ક્યારે માની શકે? જ્યારે પતિના માબાપ પાસેથી અવિરત સ્નેહ મળે ત્યારે અને એ સ્નેહ બિનશરતી હોવો જોઈએ. પુત્રાવધૂમાં નાની મોટી કોઈ ઉણપ હોય તો ય દીકરી જેવો એને સ્નેહ મળી શકે તો એ સાસુને મા માની શકે અને દીકરી જેવો સ્નેહ આપી શકે.

માલતીબહેન વિચારતા દીકરો જે પાત્રાને એના જીવનસાથી તરીકે પસંદ કરશે એને પોતે ભરપૂર વહાલથી હૈયા સરખું ચાંપશે. હું તો મા છું, મને તો જે છોકરી મા કહીને બોલાવશે એને મારા હૃદયમાં સ્થાન મળવાનું જ છે.

આજથી પચીસ વરસ પહેલાં પ્રભુએ જ્યારે મને અચ્યુતની મા બનાવી ત્યારે મારી પસંદગી નાપસંદગી પૂછી હતી? એણે જે બાળક આપ્યું એને મેં હૈયા સરખું ચાંપ્યું. પહેલા દીકરો અને પછી દીકરી એ ઈશ્વરની પસંદ હતી, મારી કોઈ પસંદ ન હતી. મારી કોઈ માગણી ન હતી. મને જે મળ્યું એમાં મને કોઈ ત્રુટિ દેખાઈ ન હતી. હું તો ઈશ્વરનો આભાર જ માનતી હતી. માલતી બહેને અચ્યુતને કહયું, 'બેટા મારા દીકરા તરીકે તને મેં પસંદ કર્યો હતો? ના. ઈશ્વરે તને મારી ગોદમાં મૂકયો અને મેં મારા સમસ્ત હૃદયથી સ્વીકારી લીધો. અરે તું મારા અસ્તિત્વનો એક ભાગ બની ગયો. એવી જ રીતે તું જે યુવતીને લઈ આવીશ એ મારા અસ્તિત્વનો હિસ્સો બની જશે.

'મમ્મી, ઈશ્વરે ત્યારે ભલે તારી પસંદ વિશે ન પૂછયું પણ આજે તને પસંદગી કરવાનો પૂરો અવકાશ છે, તક છે. તો તું કેમ મારી સાથે આવતી નથી? તારી પુત્રાવધૂ તું પસંદ કરતી નથી?'

'દીકરા જે ઈશ્વરે તારા જેવો અનુપમ દીકરો મને આપ્યો છે, ઈશ્વર પુત્રાવધૂરૂપે જે પાત્રા આપણા દ્વારે મોકલશે એને પૂરા હૃદયમનથી હું પોંખીશ, મને એ પળની પ્રતીક્ષા છે માટે દીકરા તું જા અને મારા માટે વહુ લઈ આવ.' અચ્યુત બોલ્યો હતો, 'તારી તો વાત જ વિચિત્રા છે. તારા ખોળામાં રમીને હું મોટો થયો છું, તારા હાડમાંસમાંથી મારો આ પિંડ બંધાયો છે પણ તારી અમુક વાત તો મારા મગજમાં ઊતરતી જ નથી. ચાલ મમ્મી તું તૈયાર થઈ જા. તારી આંગળી પકડીને જ હું તો જઈશ.' માલતીબહેન હસી પડેલા, એ બોલ્યાં હતાં, 'દીકરા હવે તું ઉંમરલાયક થયો. તારું સ્વતંત્રા જીવન શરૂ કરવાની ઘડી આવી ત્યારે ય તારે મા જોઈએ છે? જા તું એકલો જા.'

'મને તો મૂંઝવણ થાય છે.' અચ્યુત બોલ્યો હતો.

'મૂંઝવણ થાય ત્યારે તારી અંદર તરફ કાન માંડજે, ત્યાંથી તને માર્ગદર્શન મળશે.' માલતીબહેન બોલ્યા હતાં. તે દિવસે અચ્યુત એકલો જ ગયો હતો અને સૌમ્યાને મળીને એનું હૈયું પોકારી ઊઠયું હતું. 'બસ, આ જ છે મારી જીવનસાથી.' અચ્યુતે સૌમ્યાને પસંદ કરી હતી.

આવી રીતે સૌમ્યા માલતીબહેનના જીવનમાં અને સંસારમાં પ્રવેશી હતી, સૌમ્યા સ્વભાવે થોડી અતડી હતી, એ ઘણું ભણી હતી. સ્થિતિસંપન્ન માબાપની દીકરી હતી, પણ એના માબાપ મિલનસાર પ્રકૃતિના ન હતાં. એમના ઘરે કોઈની ખાસ અવરજવર રહેતી નહીં. કોઈ મહેમાન એમના ઘરેથી વિદાય લે ત્યારે કદી દરવાજા સુધી વળાવવા તેઓ ન જાય પણ મહેમાન બારણા બહાર પગ મૂકે કે તરત સૌમ્યાની મમ્મી સોફા અને કુશન સરખા કરવા મંડી પડે. એ ઘસારો વેઠી શકતાં નહીં.

માલતીબહેનના ઘરે મહેમાનની ખાસ્સી અવરજવર રહેતી, નાસ્તાપાણી અને જમવાનું ચાલતું. સૌમ્યાને મહેમાનોની આગતાસ્વાગતામાં ઊઠવેઠ લાગતી એ કોઈ ખુલ્લા મનથી આવકારી શકતી નહીં, હસીને વાત કરી શકતી નહીં. પરિણામે સૌમ્યા અને માલતીબહેન વચ્ચે અણગમાની અદૃશ્ય દીવાલ ચણાઈ હતી. જોકે વર્તનમાં એ પ્રગટતું નહીં છતાં શદયના કોઈ ખૂણે એ અણગમો માલતીબહેનને ચચરતો હતો. એ કવિતના એક જ વાકયે કે દાદી તારે તો બે દીકરીઓ છે - એ અણગમો જતો રહયો. દીકરીનો દોષ દેખાય એટલે એના પ્રત્યેનો પ્રેમ ઘટી નથી જતો એના પ્રત્યે નિર્વ્યાજ વાત્સલ્યનું ઝરણું તો વહયા જ કરે છે.

તો પુત્રાવધૂમાં દોષ જોઈને એના પ્રત્યે અણગમો શું કામ? દીકરીનો દોષ ચલાવી લેવાય છે તે વહુનો દોષ શું કામ ખટકે? માલતીબહેનનું હૃદય જાગી ઊઠયું હતું અને વહુને સાચા અર્થમાં તેઓ તેને દીકરી માની શક્યાં.

*-અવંતિકા ગુણવંત*

INTENSE ACTION MIXER
'Torando'



will mix, emulsify,
homogenize gel,
disperse, suspend and
will become a very high
speed transfer pump.

Nazer Industries (Private) Ltd.
Plot No. L-31, Block 22,
Federal 'B' Area
Karachi-75950, Pakistan.
Tel: (021) 36362121-36366804
Tel: (021) 36369246-36369247
Fax: (021)-36341072-36805323
Email: nazerpk@attglobal.net.pk

પાકિસ્તાનનું એક માત્ર ગુજરાતી સાપ્તાહિક
ઝુલ્ફિકાર સાપ્તાહિક
૬ઠી જમાદીઉલ આખર હિ.સ. ૧૪૩૧

## આર્થિક કટોકટી પુનઃ ત્રાટકી શકે છે

યુરોપના પાંચ દેશો અબજો રૂપિયાના દેવા હેઠળ દબાયેલા છે, દેવાના ચક્કરમાં ફસાયેલું ગ્રીસ પહેલાં ખુલ્લુ પડી ગયું હતું જ્યારે બાકીના ચાર લગભગ તુટી ચુક્યા છે. આ પાંચેય દેશો ફાઈવ મેન આર્મી સમાન નથી પણ ફાઈવ બેન્કરપ્ટ પર્સનાલીટી જેવા છે. ગ્રીસનો મુદ્દો દબાઈ દેવા પ્રયાસ કરાયો હતો પરંતુ આ દેવાળીયો દેશ પોતાની સાથે બીજા ચારને પણ દેવાના ખપ્પરમાં ખેંચી ગયો હતો.

આ પાંચ દેશો ડૂબશે અને ડૂબાડશે એવું દેખાઈ રહ્યું છે. ફ્રાંસના પ્રમુખ નિકોલસ સરકોઝીએ તો આ કટોકટીને ગંભીર ગણીને જે તે દેશે કરેલા આડેધડ ખરચાને જવાબદાર ગણાવ્યા હતા.

ગ્રીસને મદદ કરવા આવનારા બધા ફસાય તેમ છે. ગ્રીસને જે મદદ મળશે તેમાંથી તેને ફ્રાંસને ૭૫ બીલીયન ડોલર, બ્રિટનને ૧૫ બીલીયન ડોલર અને જર્મનીને ૪૫ બીલીયન ડોલર ચૂકવવાના છે.

આવી જ સ્થિતિ બાકીના ચાર દેશોની છે. ઈટલીનું દેવું તો. ૧.૪ ટ્રીલીયન ડોલરનું છે. ઈટલીએ તો ખાલી ફ્રાંસને જ ૫૧૧ અબજ ડોલર ચૂકવવાના છે એટલે કે ફ્રાંસના જીડીપીના ૨૦ ટકા થયા!! એવી રીતે ઈટલીએ બ્રિટનને ૭૭ અબજ અને જર્મનીને ૧૯૦ અબજ ડોલર ચૂકવવાના છે.

પોર્ટુગલનું દેવું ૧.૧ ટ્રીલીયન ડોલરનું છે, તેણે ફ્રાંસને ૨૨૦ બીલીયન, જર્મનીને ૨૩૮ બીલીયન અને બ્રિટનને ૧૧૪ બીલીયન ડોલર ચૂકવવાના છે.

આયર્લૅન્ડનું દેવું ૬૭૮ બીલીયન ડોલરનું છે. તેણે જર્મનીને ૧૮૪ બીલીયન, બ્રિટનને ૧૮૮ બીલીયન અને ફ્રાંસને ૬૦ બીલીયન ડોલર ચૂકવવાના છે.

અહીં આ દેશો અંદરો-અંદર દેવાના ચક્કરમાં અટવાયેલા છે. પોર્ટુગલ અને સ્પેનના ક્રેડીટ રેટીંગ તૂટી રહ્યા છે. સ્પેનમાં ૨૦ ટકા બેરોજગારી છે. યુરોપમાં સૌથી નબળું આર્થિક તંત્ર સ્પેનનું છે.

ગ્રીસ ડીફ્લેશનમાં અટવાયું છે. તેને કેવી રીતે બહાર કાઢવું તે અંગે પણ નિષ્ણાતો વિવિધ મત ધરાવે છે. ડીફ્લેશન દેવાનો ભાર વધારે છે. આ વિષચક્રમાંથી કોઈપણ દેશે ત્વરીત બહાર નીકળવું જોઈએ. જે તંત્ર ઈકોનોમીને મારી નાખે તે કોઈ કામનું નથી. અહીં એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ૧૧૦ બીલીયન યુરોનું પેકેજ ત્રણ વર્ષ માટે આપવામાં આવ્યું છે તે બજારોને સ્થિર કરી શકશે કે કેમ તે અંગે શંકા છે.

ગ્રીસના આર્થિક તંત્ર ઉભું કરવું જોઈએ તેવી સર્વસંમતિ સધાયા બાદ તેને ફન્ડીંગ કરવાનો નિર્ણય લેવાયો હતો પરંતુ અહીં તો એક સાંધતા તેર તૂટે એવી સ્થિતિ હતી. જ્યારે આ ફંડીંગ અપાયું ત્યારે શેરબજારે ઉછાળો અનુભવ્યો હતો પરંતુ ત્યાર પછીના દિવસોમાં બજારો તૂટ્યા હતા. એટલે કે આ ફન્ડીંગની કોઈ સીધી અસર શેરબજાર પર પડી નથી. આર્થિક નિષ્ણાંતો કહે છે કે યુરોપના દેશોએ અમેરિકાની મંદી પરથી શીખવા જેવું હતું તેના બદલે યુરોપની બેંકોએ બેદરકારી બતાવી હતી.

બ્રિટન અને ફ્રાંસ જેવા મહત્વના દેશોએ ગ્રીસ અને આયર્લૅન્ડ તેમજ પોર્ટુગલના આર્થિક તંત્રાને સ્થિર કરવાની જરૂર હતી. આ પાંચેય દેશોમાં બેરોજગારી ૧૫ ટકા ઉપર છે.

સ્પેનમાં ૨૦ ટકા બેરોજગારી છે. સરકાર કરકસરના અનેક પગલાં લેશે અને સરકારી પગારો તેમજ ખર્ચામાં મોટો કાપ મુકશે.

વિશ્વના વિવિધ શૅરબજારો યુરોપના પાંચ દેવાળીયા દેશોની ઝપટમાં આવી ગયા છે. યુરોપના સંઘ તોડી નાખે એવી આ દેવાની માયાજાળમાં યુરોપ પણ તૂટશે અને યુરો પણ અટવાશે એમ માનવામાં આવે છે. સમગ્ર વિશ્વની નજર તૂટતા યુરો પર મંડાયેલી છે અને ત્યારબાદ તૂટતા યુરોપીયન સંઘ પર મંડાશે. કરકસરના આવા ધરખમ પ્રયાસોની અસર ઑવરઓલ ગ્રોથ પર પડશે.

કેટલાંક નિષ્ણાંતો એવું સોલ્યુશન સૂચવે છે કે ગ્રીસે 'યુરો' વાપરવો બંધ કરી દેવો જોઈએ અને પોતાની કરન્સીને ડીવેલ્યુ કરીને ગ્રોથ વધારવો જોઈએ. જો કે બીજા નિષ્ણાતો ગ્રીસને યુરોનો વપરાશ ચાલુ રાખવા કહે છે.

અહીં એક વાત નિશ્ચિત છે કે ગ્રીસ દેવાદાર બની ચૂક્યું છે, પરંતુ યુરો કેટલો લાંબો સમય ટકી રહે છે તે જોવાનું રહ્યું?!

# શકમંદ શહઝાદની અમેરિકામાં ૪ સ્થળે હુમલાની યોજનાનો પર્દાફાશ

ન્યૂ યોર્કઃ પાકિસ્તાની મૂળના અમેરિકી શકમંદ આતંકવાદી ફૈઝલ શહઝાદે ન્યૂયોર્ક ખાતે ટાઈમ્સ સ્કવેર નજીક કાર બૉમ્બ ધડાકો કરવામાં સફળ નીવડ્યો હોત તો અન્ય ચાર સ્થળે હુમલા કરવાનું તેનું આયોજન હતું, એમ એક ટેલિવિઝન ચેનલે જણાવ્યું હતું.

અમેરિકાની અગ્રણી ટીવી ચેનલના અહેવાલ અનુસાર પહેલી મેના દિને થયેલા નિષ્ફળ બૉમ્બ હુમલા બદલ ધરપકડ કરાયેલા શહઝાદે તપાસકારોને કહ્યું હતું કે અમેરિકામાં અન્ય ચાર સ્થળે ત્રાટકવાનો એનો ઈરાદો હતો.

આ ઉપરાંત તે રોકફેલર સેન્ટર, ગ્રાન્ડ સેન્ટ્રલ ટર્મીનલ, ધ વર્લ્ડ ફાઈનાન્સ સેન્ટર તેમ જ બ્લેક હૉક સહિત અમેરિકી લશ્કર માટે હેલિકોપ્ટર બનાવતા સંરક્ષણ કોન્ટ્રાક્ટર સાઈકોરસ્કીના કનેક્ટીકટ ખાતેના વડામથકે હુમલો કરવાનો ઈરાદો પણ ધરાવતો હતો, એમ સાધનોએ આ ચૅનલને જણાવ્યું હતું. તેનાં વડામથક શેલ્ટોન અને બ્રીજપોર્ટ ખાતે શહઝાદ રહેતો હતો. સુરક્ષા નિષ્ણાત તેમ જ હોમલેન્ડ સીક્યોરીટીના માજી સલાહકાર માઈકલ બાલ્બોનીએ કહ્યું હતું કે તેઓ એ હુમલાનો વ્યાપક અને સંસર્ગમાં આવનાર મહત્તમ તથા મહત્ત્વના હોય એમ ઈચ્છતા હતા. આથી સીમાચિહ્નરૂપ, અત્યંત અગત્યની અને વધુ લોકો ધરાવતા સ્થાન પસંદ કરવાની ઈચ્છા હતા. બને તેટલા નાટ્યાત્મક રંગ દેવા તેઓ આમ કરતા હતા.

તેણે ૧લી મેનો શનિવાર તથા ૮મી મેનો શનિવાર પસંદ કર્યો હતો. ૬-૩૦ની આસપાસ ટાઈમ્સ સ્કવેર વિસ્તારમાં ખૂબ ગરદી હોવાને લીધે તે સમય પસંદ કર્યો હતો.

૩૦ વર્ષનો શહજાદ પાકિસ્તાની-તાલિબાન સાથે મળીને કામ કરતો હોવાનું માનવામાં આવે છે. તે કનેક્ટીકટ ખાતે પત્ની સાથે રહેતો અને ફાઈનાન્શીયલ એનાલીસ્ટ તરીકે કામ કરતો હતો. જોકે ગયા વર્ષે નાણાંકીય કટોકટીને લીધે તેના અંગત તથા વ્યવસાયીક જીવન પર માઠી અસર પડી હતી.

# મુસ્લિમ છોકરીઓએ શિક્ષણ મેળવવાનું ફરજિયાત છે

લખનૌઃ મુસ્લિમ મહિલાઓને પુરુષો સાથે ઓફિસમાં કામ કરવાની મનાઈ ફરમાવતો ફતવો જાહેર કર્યા બાદ હવે દારુલ ઉલુમ દેવબંદે મુસ્લિમ કન્યાઓ માટે શિક્ષણ માત્ર મહત્વનું જ નહિ પણ ફરજિયાત હોવાનું જાહેર કરતો ફતવો બહાર પાડ્યો છે. નવા ફતવામાં અગ્રણી મુસ્લિમ સંસ્થાએ જણાવ્યું છે કે પુત્રી કે બહેનને શિક્ષણ આપનાર પુરુષને જન્નતમાં સ્થાન મળે છે.

દારુલ ઉલુમ દેવબંદના મૌલાના ખાલીદ રશીદ ફીરંગી મહલીએ હદીસ અને શરિયાનો સંદર્ભ આપતા જણાવ્યું હતું કે 'પુરૂષ હોય કે સ્ત્રી હોય, પ્રત્યેક મુસ્લિમ માટે શિક્ષણ ફરજિયાત છે.' દારુલ ઉલુમના સેક્રેટરી નઈમુરહેમાને જણાવ્યું હતું કે હુમા ખ્વાજા નામની મહિલાએ કન્યાઓના શિક્ષણ અંગે સ્પષ્ટતાની માગણી કરી હતી જેના સંદર્ભમાં આ ફતવો બહાર પાડવામાં આવ્યો છે. દારુલ ઉલુમના ફતવામાં જણાવવામાં આવ્યું છે કે 'સમાજમાં જ્ઞાન અને સમજણનો ફેલાવો કરવા માટે વિશ્વમાં માનવીનું આગમન થયું છે.'

PAKISTAN PILGRIMS

ઝીયારત ચહારદા માસુમીન (અ.સ.)

ઉમરા, ઈરાન, ઈરાક અને શામ

વિખ્યાત આલીમે દીનના નેતૃત્વ હેઠળ

| ઉમરા ગ્રુપ | શામ-ઈરાક-ઈરાન |
| --- | --- |
| જશ્ને મૌલાએ કાએનાત ખાનાએ કાબામાં રવાનગી ૧૯મી જૂન, રોકાણ-૧૩દિવસ કુલ ખર્ચ $૧૦૦૦ | જશ્ને મૌલાએ કાએનાત નજફે અશરફમાં રવાનગી ૧૯મી જૂન, રોકાણ-૨૧દિવસ કુલ ખર્ચ $૧૫૦૦ |

બુકીંગ માટે સંપર્ક સાધો: પાકિસ્તાન પીલ્ગ્રીમ્સ સોસાયટી

Tel: 32232714, 32253852. (6.30 p.m. to 8.30 p.m.)

Abid Lakhani: 0300-8237923, Azmi: 0300-8265544

Bashir: 0321-2447491, Ayal: 0321-2425670

# પાક.સૈન્યના વડા કીયાનીની મુદત નહિ લંબાવવા નિર્ણય

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનના લશ્કરી વડા જનરલ અશફાક પરવેઝ કીયાનીનો ફરજકાળ નવેમ્બર મહિનામાં સમાપ્ત થાય છે ત્યારે તેમને કોઈ મુદતવધારો આપવામાં આવનાર નથી. સંરક્ષણ પ્રધાન ચૌધરી અહમદ મુખ્તારની આ જાહેરાત સાથે કીયાનીને ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફના હોદ્દા પર બઢતી અપાશે તેવી અટકળોનો અંત આવ્યો નથી.

શાસક પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના વરિષ્ઠ નેતા તેમજ પ્રમુખ આસિફઅલી ઝરદારીના વિશ્વાસુ સંરક્ષણપ્રધાન મુખ્તારે જણાવ્યું હતું કે જન.કીયાની આ વર્ષના નવેમ્બરમાં તેમની મુદત પૂર્ણ કરે ત્યારે તેમને મુદત વધારો નહિ અપાય, તેમણે ઉમેર્યું હતું કે કાયાનીએ પણ સરકાર પાસે મુદત વધારો માગ્યો નથી. પીપીપીના વરિષ્ઠ નેતા દ્વારા કાયાની બાબતે સૌપ્રથમ આવી સ્પષ્ટ ટીપ્પણી કરવામાં આવી છે. ઈસ્લામાબાદના રાજકીય વર્તુળોમાં આ વિશે ભારે અટકળો ચાલતી હતી.

૨૦૦૭માં ભૂતપૂર્વ લશ્કરી વડા જનરલ મુશર્રફે લશ્કરી હોદ્દો છોડી તેમના સ્થાને વિશ્વાસુ સાથી જનરલ કાયાનીની વરણી કરી હતી. આર્મીને રાજકારણથી અળગા કરવામાં તથા પાકિસ્તાનના વાયવ્ય અને અસ્થિર આદિવાસી ક્ષેત્રમાં ત્રાસવાદ સામે યુદ્ધમાં વિશેષ ભૂમિકા ભજવવા બદલ કાયાનીને મુદત વધારાની માગણી સુરક્ષા નિષ્ણાંતોએ પણ કરી છે.

જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર પીપીપીના વડપણની સરકાર જનરલ કાયાની નિવૃત્ત થાય તે પછી લશ્કરી તંત્રમાં તેમને મહત્ત્વની ભૂમિકા સોંપવા માટે ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફનો નવો હોદ્દો ઉભો કરવા વિચારતી હોવાની અટકળો છે. લશ્કરી વડા હોવા ઉપરાંત, જનરલ કાયાની પડદા પાછળના ચાવીરૂપ ખેલાડી રહ્યા છે. પાકિસ્તાનની વિદેશનીતિને નવો ઓપ આપવામાં તથા ભારત અને યુએસ સાથે સંબંધો અંગે તેમની ભૂમિકા નિર્ણાયક રહી છે.

# ભારતમાંથી કઈ ચીજો આયાત નથી કરવી એ પાકિસ્તાન સ્પષ્ટ કરેઃ પ્રણવ

## એથી બે દેશ વચ્ચેનો વેપાર વધશે અને તંગદિલી ઘટશે

નવી દિલ્હીઃ ભારતે પાકિસ્તાનને મંગળવારે જણાવ્યું હતું કે પોતે ભારતમાંથી કઈ ચીજો આયાત કરવા નથી ઈચ્છતું એ એ જણાવી દે, જેથી બે દેશ વચ્ચેનો બીજી ચીજોનો વ્યાપાર વધી શકે અને આ બે પડોશી વચ્ચેનું ઘર્ષણ ઓછું કરવામાં એની મદદ મેળવી શકાય.

બે દેશ વચ્ચે આર્થિક સહકાર વધારવાનું મારી દૃષ્ટિએ સૌથી વધુ અગત્યનું પાસું એ છે કે આયાત માટેની ચીજોની વર્તમાન હકારાત્મક યાદીને સ્થાને નકારાત્મક યાદી અમલી બનાવવી, જે સિવાય એ (પાકિસ્તાન) કંઈ આયાત નહીં કરે, એમ નાણાં પ્રધાન પ્રણવ મુખરજીએ મંગળવારે અહીં યોજાયેલી ભારત-પાક વ્યાપાર પરિષદમાં કહ્યું હતું.

પરસ્પર વ્યાપાર અને બીજા આર્થિક સંબંધોમાં પ્રગતિ એ બે દેશ વચ્ચે શાંતિ અને સ્થિરતા જાળવવા તથા દક્ષિણ એશિયાનો વિકાસ સાધવા માટે કુદરતી અને જરૂરી છે, એમ મુખરજીએ કહ્યું હતું.

આ સંબંધોમાં વિસ્તાર-વિકાસ પ્રાદેશિક તંગદિલી અને પરસ્પર અવિશ્વાસ ઘટાડવામાં નોંધપાત્ર પ્રધાન કરી શકે છે, એમ પણ એમણે કહ્યું હતું.

અત્યારે ભારતમાંથી આયાત માટેની ચીજોની પાકિસ્તાનની હકારાત્મક યાદી છે. દ્વિપક્ષી વ્યાપારમાં એનાથી ઘણા પ્રશ્નો ઊભા થાય છે, કેમકે કઈ ચીજોની નિકાસની ભારતને છૂટ નથી એ શોધવા-નક્કી કરવાનું બહુ મુશ્કેલ બની જાય છે. ૨૦૦૬ના જુલાઈમાં આ યાદીમાં ૭૭૩ ચીજ હતી તે ૨૦૦૯ના સપ્ટેમ્બરમાં ૧,૯૩૪ થઈ ગઈ હતી. બે દેશ વચ્ચેનો વ્યાપાર વધારવા એ માટેના નિયમો-વ્યવસ્થામાં ઉદારતા, સંદેશ વ્યવહારમાં સુધારો અને ચીજોની મુક્ત હેરફેરની છૂટ માટે મુખરજીએ અનુરોધ કર્યો હતો.

# અફઘાનિસ્તાનમાં મુસ્લિમ ઉલેમાની હત્યા

કાબુલઃ પાયમાલીને આરે પહોંચેલા અફઘાનિસ્તાનમાં સરકાર તરફી વલણ ધરાવતી વિખ્યાત વ્યક્તિની હત્યાના નોંધાયેલા છેલ્લામાં છેલ્લા બનાવમાં અફઘાનિસ્તાનમાં શાંતિ આણવા માટેની હાકલ કરનાર જાણીતા મુસ્લિમ ઉલેમાની તેમના પરિવારના બે સભ્ય સહિત તાલિબાનો દ્વારા હત્યા કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

# ટીટીપીને ત્રાસવાદી ઠરાવવા અમેરિકાની વિચારણા

વૉશિંગ્ટનઃ ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કવેર ખાતેના કાર બોમ્બ પ્રકરણમાં તેહરિક-એ-તાલિબાની પાકિસ્તાનની સંડોવણી હોવાનું તપાસમાં બહાર આવતા અમેરિકા તેને આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરવાની યોજના બનાવી રહ્યુ છે.

જાહેર બાબતો માટેના નાયબ વિદેશપ્રધાન પી. જે. ક્રોઉલીએ જણાવ્યું હતું કે, અમે પાકિસ્તાની તાલિબાનને આતંકવાદી સંગઠન જાહેર કરવાની દિશામાં વિચારી રહ્યા છીએ. હવે આ અંગે ન્યાયિક પ્રક્રિયા પૂરી કરવાની છે. દરમિયાન તેહરિક-એ-તાલિબાની પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠનની યાદીમાં સમાવવા અંગે પણ વિદેશ પ્રધાન હિલેરી ક્લિન્ટન સાથે ચર્ચા વિચારણા ચાલી રહી છે.

અમેરિકાના પાંચ સાંસદોએ ક્લિન્ટનને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, ''અમે તેહરિક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી) અથવા પાકિસ્તાની તાલિબાનનો વિદેશ વિભાગના વિદેશી આતંકવાદી સંગઠનો (એફટીઓ)ની યાદીમાં સમાવેશ કરવાની વિનંતી કરીએ છીએ.''

આ પાંચ સાંસદોમાં ચાર્લીસ ઈસ્કુમેર, કે હેગન, કિર્સ્ટેન ગિલિબ્રાન્ડ, રોબર્ટ મેનેન્ડીઝ અને ફ્રાંક લૌતમ્બર્ગનો સમાવેશ થાય છે.

FOR ALL YOUR CHARTERING PROBLEMS



*Please Contact:*

**GOKAL SHIPPING & TRADING CORPORATION**

Gokal Chambers, Beach Hotel Road,
Karachi-74000, Pakistan.
Phones PABX: **35611001 (5 Lines)**
Fax: **(9221) 35610760**, Tlx: **29158 Gokal PK.**
Cable: **"GOKAL SHIP"**

તંત્રી-મુદ્રક-પ્રકાશકઃ મેહબૂબઅલી વઝીર ◻ ફોનઃ ૩૨૨૨૪૨૧૩ અને ૧૭ ◻ મુદ્રણસ્થાનઃ શાહીન પેકેજીસ, પાકિસ્તાન ચોક, કરાચી.